જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૬**

મણીનગરઃ હેતલબહેન વા/ઓ સુનીલભાઈ ઠાકોર (ઉ.વ.૫૪)(રહે.કોર્નીયા એપાર્ટમેન્ટ, ગુડલક હોટલની બાજુમાં, દક્ષીણી, મણીનગર) એ તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે હેતલબહેનના મોબાઈલ નંબર ઉપર મોબાઇલ નંબર ૭૩૫૪૭૫૦૬૮૨ ના ધરકે મેસેજ કરેલ કે "તમારૂ અદાણી ગેસનું બીલ અપડેટ થયેલ નથી જેથી તમારૂ કનેકશન આજે કપાઇ જશે" જેથી બીલ અપડેટ કરવા માટે મોબાઇલ નંબર ૯૨૦૩૪૩૭૧૯૧ ઉપર વાત કરવા જણાવતા હેતલબહેનએ મોબાઇલ નંબર ૯૨૦૩૪૩૭૧૯૧ ઉપર કોલ કરતા સામેથી અદાણી ગેસમાંથી વાત કરૂ છુ તેમ કહી હેતલબહેનને વિશ્વાસમાં લઇ, "હુ તમને પી.ડી.એફ. ફાઇલ મોકલુ છુ તેમા તમે બીલ ભરી દો" તેવુ જણાવી મોબાઇલ નંબર ૮૭૦૯૬૬૨૮૬૮ ના ધારકે એ.પી.કે ફાઇલ ડાઉનલોડ કરાવી, જે ફાઇલ હેતલબહેન નાઓએ ખોલતા અદાણી ગેસના લોગોવાળી એપ્લીકેશન ખુલેલ જેમા રૂપિયા ૧૦ નું પેમેન્ટ કરવાનુ જણાવતા, હેતલબહેનથી બીલ ભરાતુ ના હોવાથી કોલ કરનારે હેતલબહેનના બેંક ખાતાની વિગતો તેમજ એટીએમ કાર્ડ નંબર માંગી લઇ, તેમના બેંક ખાતામાંથી બે ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૮૪,૧૩૪/– ટ્રાન્સફર કરી લઇ હેતલબહેન ઠાકોર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ ધાર્મિકભાઇ સ/ઓ સુરેશભાઈ પટેલ (રહે,વૈભવ બંગ્લોઝ, સન એન્ડ સ્ટેપ ક્લબ પાસે, સોલા રોડ, ઘાટલોડીયા) એ તા.૦૨/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૬ થી તા.૨૫/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ધાર્મિકભાઇ પટેલ એ ઈન્ડીયા માર્ટ ઉપર AARA FUELS નામની ખોટી પ્રોફાઇલમાં જણાવેલ મોબાઇલ નંબર 8187018388 ઉપર વાત કરી આરોપી શ્રી નિવાસ નાઓને ડીસ્ટીલ ઓઈલની ૩૦ ટન થી ૩૫ ટન સુધીની જરૂરિયાત હોવાથી ખરીદી કરવા સારૂ જણાવતા, આરોપીએ હાલમાં ડીસ્ટીલ ઓઇલ ૩૦,૨૩૦ લીટર પડેલ છે જેની કિંમત રૂપિયા ૩૩,૨૫,૨૮૭.૯૧/– થાય અને તેના માટે એડવાન્સમાં રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– ભરવાનુ જણાવી વ્હોટસએપ નંબર 8187018388 થી યશ બેંક એકાઉન્ટ નંબર 012426900000232 મોકલતા. ધાર્મિકભાઇએ જણાવેલ બેંકના ખાતામાં રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– RTGS થી મોકલી આપેલ હતા. ત્યારબાદ ધાર્મિકભાઇએ ડીસ્ટીલ ઓઈલ મોકલી આપવા જણાવતા આરોપી શ્રી નિવાસએ "ડીસ્ટીલ ઓઈલની બાકીની રકમ તથા ભાડા સાથેની રકમ રૂપિયા ૧૪,૬૧,૩૩૫/– તમે ભરો તો તમને બિલ મળશે" તેમ જણાવી, અલગ–અલગ વાયદાઓ કરી આજદિન સુધી ડીસ્ટીલ ઓઈલ અથવા ટ્રાન્સફર કરેલ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– પરત નહી આપી ધાર્મિકભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૯૪/૨૦૨૬**

સેટેલાઇટઃ ભારતીબહેન વા/ઓ જશુભાઈ પટેલ (ઉ.વ.૬૭) (રહે. પરિવાર સોસાયટી સત્યાગ્રહ છાવણી પાસે પ્રેમચંદનગર રોડ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૬ કલાક ૦૦/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સંજીવની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૦/૨૦૨૬ બપોરના ૦૩/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિતિનભાઇ ખુશાલભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી